ગાંધીનગર સમાચાર

**એસ.ટી. ડેપોમાં મુસાફરોની સલામતી માટે હવે પોલીસ પહેરો**



**આરપાર સૂર્ય પ્રકાશ -** ઘનઘોર વાદળોની વચ્ચે સૂર્યના કિરણો પ્રકાશ પ્રસરાવતા પૃથ્વી પર પથરાય છે... વહેલી સવારે ગાંધીનગરના ગગનમાંથી પ્રગટતા સૂર્યના કિરણો વાદળોની આરપાર થઈ જનજીવનને સ્ફૂર્તિનો સંચાર કરતા હતા... શ્રાવણ માસના શુક્લ પક્ષમાં વાદળોનું આધિપત્ય નગરના ગગન પર રહ્યું છે... પરંતુ સૂર્ય મહારાજ પણ એટલી જ ઊર્જા વરસાવતા હતા... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# એસ.ટી. ડેપોમાં મુસાફરોની સલામતી માટે હવે પોલીસ પહેરો ગોઠવાશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકી બનાવવાની વાત છેલ્લા ઘણાં સમયથી અધ્ધરતાલ છે. ડેપો દ્વારા આ ગુન્હાઓની ગંભીરતા સામે આંખ આડા કાન કરવામાં આવી રહયા છે. આખરે પોલીસ ચોકી માટે જગ્યા ન ફળવાતા રેન્જ આઈ જી ના સુચનાથી ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવી દેવાશે.

## ડેપો સંકુલમાં ચોરીના બનાવો અટકાવવા રેન્જ આઈ.જી.એ જિલ્લા પોલીસ વડાને જવાનોને પહેરો રાખવા સુચના આપી

સંકુલમાં પોલીસ ચોકી બનાવવા માટે જગ્યા ફાળવવામાં ન આવતા અનેકવાર મુસાફરોની સલામતી જોખમાતી હોવાના કીસ્સાઓ સામે આવ્યા છે. ડેપો સંકુલમાં વારંવાર બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા કપાય છે. બસમાં ચઢતી મહિલાઓના ગળામાંથી દોરા ખેંચાય છે.આમછતા એસ ટી નિગમ

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે તસ્કરી વૃતિ બેફામ બની છે. મુસાફરોથી ભરચક રહેતા ડેપો સંકુલમાં તસ્કરોને ફાવતુ મેદાન મળતા વારંવાર ચોર ઈસમો હાથફેરો કરી જાય છે. બસમાં ચઢતી મહિલાઓના ગળામાંથી દોરાની પલવારમાંજ દોરાની તફડંચી થતા મહિલાઓમાં ફફડાટ પ્રવર્તયો છે. જયારે અમદાવાદ સરખેજ રૂટની બસ આ જાણભેદુ ચોર ટોળકી માટે ફેવરેબલ બની ગઈ છે. બસમાં ચઢતા મુસાફરો અવારનવાર પીક પોકેટીંગનો ભોગ બને છે. આવા સંજોગોમાં ઘણીવાર ડેપોના કર્મચારીઓ તેમજ જાગૃત મુસાફરોની મદદથી ગઠીયાઓને ઝડપી લેવામાં આવ્યા હોવાના કીસ્સાઓ પણ છે. ડેપોમાં મહીલાગેંગ પણ પીક પોકેટીંગ માટે સક્રીય થઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે. થોડા સમય અગાઉ પણ મુસાફરોએ જાણભેદુ મહીલાઓને ઝડપી લીધી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૨૬ આરોગ્ય કેન્દ્રો તોડી નવા બનાવવામાં આવશે

## કલોલના ૭, દહેગામના ૫ અને ગાંધીનગરના ૧૪ કેન્દ્રોનો સમાવેશ : ૧૦ કરોડના ખર્ચે નવા કેન્દ્રો બનાવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ૨૬ આરોગ્ય સેવા કેન્દ્રો જુના-પુરાણા અને જર્જરિત થઈ જતાં તેનું ડિમોલેશન કરી નવનિર્મિત બનાવવા અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને કરવામાં આવશે.

જિલ્લામાં નવા આરોગ્ય કેન્દ્રો બનાવવા પાછળ રૂ. ૧૦ કરોડ જેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે આધુનિકરણ કરવાનો અભિગમ તંત્રએ અપનાવ્યો છે.

જિલ્લાના જે ૨૬ આરોગ્ય કેન્દ્રોનું ડિમોલેશન કરવામાં આવનાર છે તેમાં ગાંધીનગર તાલુકાના ૧૪, કલોલના ૭ અને દહેગામના ૫ આરોગ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે. આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ કેન્દ્રોના ડિમોલેશન

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની તલાટી કમ મંત્રીની પરીક્ષામાં પરીક્ષાર્થીઓની ઓછી હાજરી !!

ગાંધીનગર, તા. ૨૩

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ તલાટી કમ મંત્રીની પુનઃ પરીક્ષામાં પરીક્ષાર્થીઓની ગેરહાજરી ૬૨ ટકાથી વધુ હતી. ૧૭ પરીક્ષા કેન્દ્રોમાં તો ૧૦૦થી પણ ઓછા પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે યોજાયેલી પુનઃ પરીક્ષામાં માત્ર ૩૩ ટકા જેટલા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. પરીક્ષામાં અપાયેલ પ્રશ્નપત્ર પ્રમાણમાં ઘણુ સરળ રહ્યું હતું. પરીક્ષાર્થીઓ બહાર નીકળી ૯૦થી વધુ પ્રશ્નોના ઉત્તર એટેન્ડ કર્યાનો

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

હવે તો હદ થાય છે - આ તસવીર શહેરના કોઈ ખૂણાની નથી... કે કોઈ સોસાયટીના નાકાની નથી... આ તસવીર છે સરકારી કચેરીના બારી પરના છજાની... ગંદકી પણ કેવા સ્થાને ફેલાઈ રહી છે અને જેની કોઈ કક્ષાએ કાળજી લેવાતી નથી... રોગચાળાને નિમંત્રણ પત્રિકાની જેમ કચેરીઓના ખૂણે-ખાંચરે જામતી ગંદકી હવે છજાઓ અને ધાબાઓ પર પણ જામતી જાય છે... સ્વચ્છ ભારતનો સંદેશ ટેબલ પરના પરિપત્રથી સ્વંય સુધી પહોંચે એ જરૂરી છે.

# અનામત આંદોલન અને આવેદન પત્રો વચ્ચે અમલદારો અટવાયા

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યભરમાં અનામતની માંગણી સાથે પાટીદાર સમાજ ધીરે ધીરે આક્રમક મૂડમાં આવી ગયું છે. અનામતની આગ તીવ્ર બનતા સરકાર તમામ જરૂરી કામકાજને નજર અંદાજ કરી આંદોલનને થાળે પાડવા અનેક પ્રયાસો કરી રહી છે. સરકાર અને આંદોલનકારીઓની વાટાઘાટો નિષ્ફળ નિવડી રહી છે. આંદોલનની આગ અને આવેદનપત્ર વચ્ચે રાજ્યભરમાં અમલદારો કામગીરીમાં અટવાઈ ગયા છે. પરિણામે વહીવટીતંત્ર અને પોલીસતંત્રમાં અનેક કામકાજ પર સંપૂર્ણ બ્રેક લાગી ગઈ છે.

પાટીદારોના અનામત આંદોલનની માંગ ધીરે ધીરે બુલંદ બની રહી છે. પાટીદારો ઠેર-ઠેર મૌન રેલી યોજી શક્તિ પ્રદર્શન કરી રહ્યા છે. વર્તમાન સમયમાં પાટીદારોની જનસંખ્યા ધરાવતા તમામ જિલ્લા તેમજ તાલુકામાં પાટીદારોએ વિશાળ જંગી રેલી કરી આવેદનપત્ર તંત્રને આપી ચુક્યા છે. પાટીદારોને અન્ય પછાત જાતિ (ઓબીસી)માં સામેલ કરવાને લઈ પાટીદાર સમુદાય રાજ્યભરમાં આંદોલન કરી રહી છે. આંદોલન તીવ્ર બનતા પાટીદારો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. પાટીદારોની અનામતની માંગ તેજ બનતા બ્રહ્મસમાજ, ઠાકોર સમાજ,

**અમલદારોની કામગીરી બમણી થતા રાબેતા મુજબના અનેક કામકાજ ખોરવાયા**

ક્ષત્રિય સમાજ, વૈષ્ણવ સહિત અન્ય સમાજ પણ અનામતની માંગને લઈ મેદાન આવી ગયા છે. અને દરરોજ રાજ્યના અનેક જિલ્લામાં અલગ અલગ સમુદાય જાતિના નાગરિકોની જંગી રેલી યોજાઈ રહી છે.

બીજી બાજુ અનામત આંદોલન પર લગામ લગાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ઘરના જ ભુવા અને ઘરના ડાકલા : નિમંત્રક જ ઉદ્ઘાટક બન્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૧૬ના પુનઃ નિર્માણ કરાયેલ રંગમંચનું નામાભિધાન અને લોકાર્પણ નિમંત્રક મેયરે જ કરતાં નગરમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

નિમંત્રક જ ઉદ્ઘાટક એવી વિરલ ઘટના મનપાના વહીવટીતંત્રમાં બનવા પામી છે. મહાનગરપાલિકા દ્વારા સે. ૧૬ના રંગમંચનું નામાભિધાન પછી લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જો કે ડાયરામાં પ્રેક્ષકોની હાજરી પણ પાંખી હતી તેમજ લોકાર્પણ કાર્યક્રમમાં કાઉન્સીલરોની ગેરહાજરી પણ ઉડીને આંખે વળગતી હતી.

આજના સમારોહમાં કોઈ અતિથિને કેમ નિમંત્રિત નહોતા કરાયા તેને લઈ પણ ચર્ચાઓ ચાલી રહી છે. નિમંત્રણ કાર્ડમાં નિમંત્રક તરીકે મેયર અને અન્ય હોદ્દેદારોના નામ હતા અને ઉદ્ઘાટક મેયર જ બન્યા હતા.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**સરકારના હૈયે છે... ગુજરાતના પ્રત્યેક યુવાનનો વિકાસ**



**શિક્ષણથી યુવાઓને કૌશલ્યપૂર્ણ બનાવવાના સરકારના આ રહ્યા પરિણામદાયી પ્રયાસો**

- **યુનિવર્સિટીઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧ માં ૧૫ યુનિવર્સિટી હતી, જે આજે વધીને ૫૪ યુનિવર્સિટીઓ થઇ છે.
- **કોલેજોઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧ માં ૨૦ સરકારી કોલેજો અને ૩૧૯ અનુદાનિત કોલેજો હતી, જે આજે વધીને ૮૨ સરકારી કોલેજો અને ૩૫૬ અનુદાનિત કોલેજો થઇ છે.આ કોલેજોમાં વર્ષ ૨૦૦૬માં ૫,૦૩,૮૯૮ વિદ્યાર્થીઓ હતા, જે વધીને આજે ૧૩,૪૯,૨૭૨ થયા છે.
- **આઇ.ટી.આઇ.:**
  વર્ષ ૨૦૦૧-૦૨માં ૧૨૯ આઇ.ટી.આઇ. અને ૫૪,૪૧૬ બેઠકો હતી, જે આજે વધીને ૨૮૨ આઇ.ટી.આઇ. અને ૧,૩૦,૭૭૨ બેઠકો થઇ છે.
- **સરકારી એન્જીનીયરીંગ ડીગ્રી/ડિપ્લોમા કોલેજોઃ**
  વર્ષ ૨૦૦૧-૦૨માં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજો માત્ર ૨૩ અને બેઠકો ૮૫૩૧ હતી, જે આજે વધીને કોલેજો ૧૩૬ અને બેઠકો વધીને ૭૧,૭૯૯ થઇ છે.
  સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ડિપ્લોમા કોલેજો ૩૪ અને બેઠકો ૧૦,૪૫૦ હતી, જે આજે વધીને ૧૨૯ ડિપ્લોમા કોલેજો અને બેઠકો વધીને ૬૭,૨૫૫ થઇ છે.
- **અનુસ્નાતક અભ્યાસક્રમોઃ**
  વર્ષ ૨૦૦૧-૦૨ માં MBA, MCA અને ME અભ્યાસક્રમો માટે સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર મળી કુલ ૪૯ કોલેજો અને બેઠકો ૨૪૯૧ હતી, જે આજે વધીને ૨૬૩ કોલેજો અને બેઠકો ૨૩,૮૦૪ થઇ છે.
- **મેડીકલ કોલેજઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧માં સરકારી ૬ મેડીકલ કોલેજોમાં ૮૨૫ બેઠકો હતી જે આજે વધીને ૧૦૮૦ બેઠકો થઇ છે જ્યારે સરકારી સ્વનિર્ભર અને ખાનગી સ્વનિર્ભર કોલેજો ૩ અને બેઠકો ૩૦૦ હતી જે આજે વધીને કોલેજો ૧૫ અને બેઠકો ૨૧૫૦ થઇ છે.
- **ડેન્ટલ કોલેજઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧માં સરકારી અને ખાનગી સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો ૪ અને બેઠકો ૨૮૦ હતી જ્યારે આજે વધીને કોલેજો ૧૩ અને બેઠકો વધીને ૧૨૪૦ થઇ છે.
- **ફિઝીયોથેરાપી કોલેજઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧માં સરકારી અને ખાનગી સ્વનિર્ભર ફિઝીયોથેરાપી કોલેજો ૩ અને બેઠકો ૯૦ હતી જે આજે વધીને કોલેજો ૩૪ અને બેઠકો ૧૭૯૦ થઇ છે.
- **નર્સિંગ અભ્યાસક્રમઃ**
  વર્ષ ૨૦૦૦-૦૧માં નર્સિંગ અભ્યાસક્રમ માટે સરકારી અને ખાનગી સ્વનિર્ભર મળી કુલ ૨૫ કોલેજોમાં બેઠકોની સંખ્યા ૬૬૫ હતી જે આજે વધીને કોલેજો ૨૬૪ અને બેઠકો ૯૦૭૬ થઇ છે.
- **ફાર્મસી કોલેજઃ**
  વર્ષ ૨૦૦૧-૦૨માં સરકારી, અનુદાનિત અને ખાનગી સ્વનિર્ભર ફાર્મસી કોલેજોની સંખ્યા ૧૩ અને બેઠકો ૬૯૩ હતી, જે આજે વધીને કોલેજોની સંખ્યા ૬૮ અને બેઠકો ૪૩૨૪ થઇ છે.
- **એનરોલમેન્ટ રેશીયોઃ**
  ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ગ્રોસ એનરોલમેન્ટ રેશીયો વર્ષ ૨૦૦૧માં ૮ ટકા હતો, જે વધીને વર્ષ ૨૦૧૫માં ૨૧.૩ ટકા થયેલ છે.

માહિતી ૨૦૧૫-૧૬ (૨૨-૧)




**ગુણવત્તાસભર શિક્ષણ દ્વારા ગુજરાત બન્યું ગતિશીલ**

**"આવો, યુવાશક્તિને વિકાસની શક્તિ સાથે જોડીએ અને ગુજરાતની વિકાસગાથાને નવી ઊંચાઈએ પહોંચાડીએ."**

**શ્રીમતી આનંદીબેન પટેલ,**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

Visit http://www.gujaratinformation.net | www.facebook.com/gujaratinformation.official | www.twitter.com/infogujarat

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com